### લેપ્રોસ્કોપી પધ્ધતિથી સારણગાંઠનું ઓપરેશન...

દરેક સામાન્ય સર્જન દ્વારા ઓપન પધ્ધતિથી સારણગાંઠનુ ઓપરેશન સૌથી વધુ પ્રમાણમાં કરવામાં આવતું હોય છે. પરંતુ લેપ્રોસ્કોપી પધ્ધતિથી સારણગાંઠનું ઓપરેશનએ એક નવી આગવી પ્રકારની ઓપરેશનની પધ્ધતિ છે જે દરેક સામાન્ય સર્જન કરી શકતા નથી.

### સારણગાંઠ (હર્નિયા) શું છે?

સારણગાંઠ, આપણા પેટની દિવાલ પર આવતો એક પ્રકારનો છે જે ખાંસી કરવાથી અથવા વજન ઉપાડવાથી વધે છે. આ પ્રકારનો આવવાનું મુખ્ય કારણ પેટની દિવાલ પાતળી થઈ જવાથી અથવા સ્નાયુઓની તાકાત ઘટી જવાથી થઈ શકે છે. આ ભાગમાં પેટના અવયવો આવી જાય છે જે પાછા પેટમાં પણ જતા રહે છે, પરંતુ અમુક સંજોગોમાં તે ફસાઈ પણ શકે છે અને ગંભીર તકલીફ ઉભી થઈ શકે છે.

### સારણગાંઠ તે હું કઈ રીતે જાણી શકું?

સારણગાંઠ સામાન્ય રીતે અમુક નિર્ધારીત જગ્યાએ જ થતી હોય છે જેવી કે ડુંટી/નાભિના ભાગે, પેઢુના ભાગે, પહેલાં કરાયેલા ઓપરેશનના ભાગે કે જયાં ખાંસી કરવાથી અથવા વજન ઉપાડવાથી અથવા પેશાબ કે સંડાસ કરવામાં જોર કરવાથી સોજો આવી જાય છે.

જે ભાગે સોજો આવે ત્યાં દુઃખાવો થઈ શકે છે. વળી, સૂઈ જવાથી અથવા બેસી જવાથી સોજો જતો પણ રહી શકે છે.

જયારે વધુ પ્રમાણમાં તકલીફ હોય ત્યારે સોજાવાળો ભાગ લાલ થઈ જાય છે ત્યાં બળતરા થાય છે અને સોજો ઘટતો નથી. આવા સંજોગોમાં તમારા ડોક્ટરનો તાત્કાલીક સંપર્ક કરવો જરૂરી છે.

### લેપ્રોસ્કોપી પધ્ધતિથી સારણગાંઠના ઓપરેશન કરવાના ફાયદા:

- લેપ્રોસ્કોપી પધ્ધતિથી ઓપરેશન કરાવવાથી ઓપરેશન પછી દુઃખાવો ઓછો થાય છે.
- રોજિંદા કામમાં ઝડપથી પાછું ફરાય છે.
- હોસ્પિટલમાં રોકાણ ઘટે છે.

### શું તમે લેપ્રોસ્કોપી પધ્ધ્તિથી સારણગાંઠનું ઓપરેશન કરાવી શકો?

સામાન્ય રીતે દરેક દર્દી લેપ્રોસ્કોપી પધ્ધ્તિથી સારણગાંઠનું ઓપરેશન કરાવી શકે છે. પરંતુ જે દર્દીને પેઠના નીચેના ભાગનું ઓપરેશન મોટા ચીરાથી થયેલું શોય અથવા તેમને હૃદય અને શ્વાસની વધુ તકલીફ હોય ત્યારે જનરલ એનેસ્થેસિયાનું જોખમ ટાળવા માટે ઓપન પધ્ધતિથી ઓપરેશન કરવાની જરૂર પડી શકે.

### ઓપરેશન પહેલાં શું તૈયારી જરૂરી છે?

ઓપરેશન પહેલાં ઓપરેશનને લગતી જરૂરી લોહીની તપાસ, મેડીકલ ચેક-અપ, છાતીનો એકસ-રે અને કાર્ડિયોગ્રામ કરાવવો જરૂરી છે.

જયારે તમારા સર્જન ઉપરના ટેસ્ટથી માહિતગાર થઈ જાય તે પછી તમને ઓપરેશનના ફાયદા અને તેના જોખમો વિશે જણાવશે જે માટેની તમારે સંમતિ આપવાની રહેશે.

ઓપરેશનના ૬ કલાક પહેલાં ખોરાક/પાણી બંધ કરી દેવા જરૂરી છે.

લોહી પાતળું કરવાની દવા અથવા દુઃખાવા માટેની દવા વગેરે ઓપરેશનના ત્રણ દિવસ પહેલાં થી બંધ કરી દેવામાં આવે છે.

જો આપ બીડી/સિગારેટ અથવા આલ્કોહોલનું સેવન કરતાં હોવ તો ઓપરેશનના અઠવાડિયા પહેલાં બંધ કરવું હિતાવહ છે.

### લેપ્રોસ્કોપી પધ્ધતિથી ઓપરેશન કઈ રીતે કરવામાં આવે છે?

દરેક પ્રકારના સારણગાંઠની સારવાર ઓપરેશન જ હોય છે.

લેપ્રોસ્કોપી પધ્ધતિમાં ત્રણ નાના છેદ દ્વારા સારણગાંઠનું ઓપરેશન કરવામાં આવે છે, જેમાં દૂરબીન અને સાધનોની મદદથી સારણગાંઠનો વિસ્તાર ટી.વી. પર જોઈ શકાય છે અને સોજાને ઘટાડી, તેના પર જાળી (મેશ) મૂકી દઈને તેને સાંધી દેવામાં આવે છે.

આ ઓપરેશન જનરલ એનેસ્થેસીયામાં કરવામાં આવે છે. જેમાં આપ સંપૂર્ણપણે બેભાન રહો છો.

### જો ઓપરેશન લેપ્રોસ્કોપી પધ્ધ્તિથી પૂર્ણ ન થઈ શકે તો...

ઘણાં ઓછા પ્રમાણમાં અમુક દર્દીનું ઓપરેશન લેપ્રોસ્કોપી પધ્ધ્તિથી ન થઈ શકે તો ઓપન પધ્ધ્તિથી આ ઓપરેશન પૂર્ણ કરવામાં આવે છે. જેમાં સારણગાંઠ પર જ ચીરો મૂકીને સારણગાંઠને ઘટાડી જાળી (મેશ) મૂકીને સાંધી દેવામાં આવે છે.

લેપ્રોસ્કોપી પધ્ધ્તિમાંથી ઓપન પધ્ધતિ દ્વારા ઓપરેશન પૂર્ણ કરવું એ કોઈ પ્રકારનું જોખમ નથી પરંતુ દર્દીના હિતમાં લેવામાં આવેલો નિર્ણય છે.

### ઓપરેશન પછી...

લેપ્રોસ્કોપી પધ્ધતિથી ઓપરેશન કરાવવાથી તમારી રીકવરી ઝડપથી આવે છે અને તમે ૨૪ થી ૪૮ કલાકમાં હોસ્પિટલમાંથી રજા મેળવી શકો છો.

ઓપરેશન પછી થતા સામાન્ય દુઃખાવા માટે તમને દુઃખાવો ન થાય તે માટેની દવા આપવામાં આવે છે.

તમે ઓપરેશનના ૫ થી ૭ દિવસ પછી તમારા રોજિંદા કામમાં પાછા ફરી શકો છો. વાહન ચલાવી શકો છો તેમજ દાદર ચઢી ઉતરી શકો છો.

ઓપરેશનના ૫ દિવસ પછી ટાંકા તોડાવવા માટે આપના ડૉક્ટરનો સંપર્ક સાધવો જરૂરી છે.

**ઓપરેશન પછી શું તકલીફ થઈ શકે..?**

લેપ્રોસ્કોપી પધ્ધતિથી સારણગાંઠના ઓપરેશન પછી સામાન્ય રીતે કોઈપણ પ્રકારની તકલીફ પડતી નથી. પરંતુ અમુક સંજોગોમાં ચેપ લાગવો તથા ઓપરેશનની જગાએ સોજો આવી જવાની તકલીફ થઈ શકે છે.

ફરીથી સારણગાંઠ થવાની સંભાવના ઓપન પધ્ધતિ જેટલી જ રહેલી છે.

**નીચેની તકલીફ થાય તો તુરંત જ તમાર ડોક્ટરનો સંપર્ક કરવોઃ**

(૧) લાંબા સમય સુધી તાવ ચાલુ રહે (૧૦૧ કરતા વધારે)
(૨) ધાવની જગ્યાએ લોહી વહી જવું.
(૩) પેટ અથવા પેઢુમાં સોજો આવવો.
(૪) અસહ્ય દુઃખાવો થાય કે જે દવાથી મટે નહીં.
(૫) ઉલટી થાય.
(૭) લાંબા સમય સુધી ખાંસી આવે/ શ્વાસ લેવામાં તકલીફ પડે
(૮) ચીરામાંથી પરૂ નીકળે.
(૯) ઓપરેશનની આસપાસની જગ્યા લાલ થઈ જાય.
(૧૦) પાણી પીવામાં અથવા જમવામાં તકલીફ પડતી હોય.

આ વિષય પર વધુ માહિતી માટે આપના ડોક્ટરનો સંપર્ક સાધવો.

**લેપ્રોસ્કોપી પધ્ધતિથી સારણગાંઠનું ઓપરેશન**

**આપના હિત માટે પ્રકાશિત**

**હરિભક્તિ સર્જીકલ હોસ્પિટલ**

**૫૦૮, સંગીતા કોમ્પ્લેક્ષ, ડૉક્ટર હાઉસ સામે, પરીમલ ક્રોસીંગ પાસે, અમદાવાદ– ૬.**

**ફોનઃ ૨૬૪૬ ૧૧૮૬, ૨૬૪૬ ૨૨૮૬**